## IMPS – Interbank Money Payment System or Immediate Payment Service

ભારતનાં રીટેલ મની પેમેન્ટ સેકટરમાં IMPSએ ખુબજ ક્રાંતિ લાવિ દીધી છે. અમે જાહેર કરતાં આનંદ અનુભવીએ છીએ કે સર્વોદય કોમર્શિયલ કો–ઓપરેટીવ બેંક લી., મહેસાણા એ પણ તેમનાં ગ્રાહકો માટે **મોબાઈલ ચેનલ થકી IMPS** સેવાઓ ચાલુ કરી દીધી છે. IMPS સેવાઓ થકી આપણી બેંકનાં ગ્રાહકો ભારત ભરની કોઈ પણ IMPS સેવાઓથી સજ્જ બેંકનાં ગ્રાહકોને તાત્કાલીક નાણાં મોકલી શકે કે મેળવી શકે છે.

**Mobile channel થી IMPS સેવાઓની મુખ્ય વિશેષતાઓ**

- તાત્કાલીક ઈન્ટર બેંક ફંડ ટ્રાન્સફર
- અનુકુળ અને સમય ની બચત
- કોઈપણ સમયે અને કોઈપણ સ્થળે ફંડ ટ્રાંન્સફર ની સેવા
- ઝડપી અને સુરક્ષીત
- સેવા વાપરવામાં સરળ
- 24x7x365 સેવા ઉપલબ્ધ
- નાણાં મોકલનાર તથા મેળવનાર બંન્ને ને તાત્કાલીક કંન્ફરમેશન

## વારંવાર પુછાતા પ્રશ્નો

**IMPS શું છે?**

ઈન્ટર બેંક મોબાઈલ પેમેન્ટ સર્વિસ (IMPS) મોબાઈલ ફોન દ્વારા તાત્કાલીક ઈન્ટરબેંક ઈલેકટ્રોનીક ફંડ ટ્રાંસ્ફર સેવા છે. IMPS ગ્રાહકોને તેમનાં બેંક ખાતા નો ઉપયોગ કરવા અને તેમાંથી ફંડ અન્ય જગ્યાએ ટ્રાંન્સફર કરવા એક ચેનલ તરીકે મોબાઈલ ઉપકરણનો ઉપયોગ કરવાની સુવિધા આપે છે.

**IMPS સેવા કોણ પ્રોવાઈડ કરે છે?**

નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા (NPCI) IMPS સેવા પ્રોવાઈડ કરે છે, જે બેંકો તેમના ગ્રાહકોને IMPS સેવાઓ પુરી પાડી રહી છે તે બેંકોનું લીસ્ટ NPCI ની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે.

**IMPS સેવા મેળવવા શું પ્રક્રિયા કરવી પડે?**

IMPS સેવા મેળવવા માટે સૌ પ્રથમ IMPS પુરી પાડતી બેંકમાં ખાતુ ખોલાવવું પડે અને તે ખાતામાં તમારો મોબાઈલ નંબર રજીસ્ટર્ડ કરાવવો પડે અથવા તો જો આપનું બેંકમાં ખાતું હોય અને તે ખાતામાં મોબાઈલ નંબર રજીસ્ટર્ડ કરાવેલ હોય તો મોબાઈલ બેંકીંગ સેવાઓ મેળવવાનું ફોર્મ ભરી તે ફોર્મ બેંકમાં જમા કરવી તે રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર IMPS સેવાઓ નો લાભ લઈ શકાય.

**IMPS સેવા મેળવા શું રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે?**

જો ગ્રાહકને IMPS થકી તેમનાં ખાતામાં રકમ જમા લેવાની હોય તો તે માટે IMPS નું રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી નથી, પરંતુ જો ગ્રાહકે IMPS થકી રકમ અન્ય ખાતામાં ટ્રાંન્સફર કરવાની હોય તો તે ગ્રાહકે Mobile Banking Registration નું ફોર્મ ભરીને તે ફોર્મ બેંકમાં આપી તેની નોંધણી કરાવવી ફરજીયાત છે.

**જો ગ્રાહક પાસે એક કરતા વધુ ખાતા હોય તો તે એક કરતા વધુ ખાતામાં IMPS સેવાઓનો લાભ લઈ શકે? કેવી રીતે?**

જો ગ્રાહક પાસે એક કરતા વધુ ખાતા હોય અને તે તમામ ખાતાઓ માં રજીસ્ટર્ડ મોબાઈલ નંબર એકજ હોય તો તે તમામ ખાતાઓમાં IMPS સેવાઓનો લાભ મળી શકે અને જો જોઈન્ટ એકાઉન્ટ હોય તો જે ખાતામાં તેમનું નામ પ્રથમ હોય અને તે ખાતામાં વ્યવહારનો પ્રકાર બે પૈકી ગમે તે એક કે કોઈ પણ એકની સહીથી વ્યવહાર થશે તેવી સુચના આપેલ હોય તો તે તમામ ખાતા ધારકોની સંમતી થી થે ખાતાઓ IMPS સેવાઓનો લાભ મળી શકે.

**IMPS સેવાઓનો ઉપયોગ કરી રૂપિયા મેળવવા કે મોકલવા માટે શું માહીતી જોઈએ અને કેટલા સમયમાં રકમ ટ્રાન્સફર થાય?**

જેમ ગ્રાહકે IMPS સેવાઓનો ઉપયોગ કરી રકમ મોકલવા માટે સામે વાળી વ્યકિતનો એકાઉન્ટ નંબર અને IFSC Codeની જરૂરીયાત રહે છે. તેવી રીતે તમારા ખાતામાં IMPS જમા લેવા માટે તમારે સામેવાળી વ્યકિતને તમારો ૧૫ આંકડાનો એકાઉન્ટ નંબર અને તમારો IFSC Code આપવાનો રહેશે. IMPS કરવાથી ૧૫ થી ૩૦ સેકન્ડમાં બેનીફીશીયરની નાં ખાતામાં ફંડ ટ્રાન્સફર થઈ જાય છે જેનો કોઈ ચાર્જ નથી.

**IMPS સેવાઓની કોઈ સમય મર્યાદા છે?**

IMPS સેવાઓ માટે કોઈ સમય મર્યાદા નથી આ સેવા 24*7*365 ઉપલબ્ધ છે. એટલેકે આ સેવાનો ઉપયોગ જાહેર રજાનાં દીવસે અને ચોવીસે કલાક કરી શકાય છે.

**Mobile Banking થી વ્યવહાર કર્યા પછી તેને કેન્સલ કે સ્ટોપ કરાવી શકાય છે?**

Mobile Banking થી IMPS કે NEFT કર્યા પછી તેને કેન્સલ કે સ્ટોપ કરાવી શકાતું નથી.

**Mobile Banking થી વ્યવહારમાં સામેવાળી વ્યકિતની બેંક ડીટેઈલ્સ ખોટી નાંખી હોય તો શું થાય?**

Mobile Banking થી IMPS કે NEFT કરતાં સામેવાળી વ્યકિતની બેંક ડીટેલ્સ ખોટી નાંખી હોય તો સંભવત તે રીટર્ન થવાની શકયતા છે પરંતુ જો તે બેંક ડીટેલ્સ અન્ય કોઈ ખાતાની ડીટેલ્સ જોડે મળતી આવેતો ખોટા ખાતામાં પણ રૂપિયા જમા થઈ જવાની શકયતા રહેલી છે, એટલે કે જયારે તમે સામેવાળી વ્યકિતની બેંક ડીટેલ્સ બેનીફીશયરીની ડીટેલ્સમાં નાંખો ત્યારે તે ડીટેલ્સ ચોકસાઈથી નાંખવી. સામેવાળી વ્યકિતની બેંક ડીટેલ્સ બેંક વેરીફાય કરતી નથી. જો ખોટી બેંક ડીટેલ્સ નાં કારણે ખોટા ખાતામાં રકમ જમા થશે તો તેના માટે બેંક જવાબદાર રહેશે નહી.

**Mobile Number બદલવાનાં કીસ્સામાં Mobile Banking (IMPS) સેવાઓ ચાલુ રહેશે?**

ના, મોબાઈલ નંબરમાં બદલાવ થવાનાં કીસ્સામાં Mobile Banking (IMPS) સેવાઓ ચાલુ રહેશે નહી. તે માટે ગ્રાહકે બેંકમાં આવીને મોબાઈલ બેંકીગમાં તે નંબર અપડેટ કરવાની એપ્લીકશેશન તમામ ખાતા ધારકોની સહી સાથે બેંકમાં આપવાની રહેશે.

**Mobile Banking થી IMPS કરવાનાં કીસ્સામાં કોઈ ટ્રાંજેકશન લીમીટ હોય છે?**

મોબાઈલ બેંકીગથી IMPS/NEFT માટે બેંક દ્વારા હાલમાં ૫૦,૦૦૦/– ની લીમીટ નકકી કરવામાં આવેલ છે જે વખતો વખત બદલાવને આધીન છે.

## Mobile Banking થી IMPS/NEFT કરવા શું કરવુ તે અંગે ધ્યાનમાં રાખવાનાં મુદા

- ગ્રાહકે મોબાઈલ બેંકીંગ એપ્લીકેશન તેમના મોબાઈલ ઓપરેટીંગ સિસ્ટમના એપ સ્ટોર ઉપરથી લેવાની રહેશે.
- જયાં સુધી ગ્રાહક મોબાઈલ રજીસ્ટ્રેશનનું ફોર્મ ભરીને બેંકમાં જમા નહી કરાવે ત્યાં સુધી તે ગ્રાહકે મોબાઈલ એપથી રકમ ટ્રાંન્સફર કરવાની સુવીધા મળી શકશે નહી. રજીસ્ટ્રેશન કરાવેલ નહી હોય અને ગ્રાહકે મોબાઈલ એપ એપ સ્ટોરથી ડાઉનલોડ કરેલી હશે તો ગ્રાહકને ફકત View Only સુવિધા જ મળશે.
- બેંકની મોબાઈલ એપ ડાઉનલોડ કરવાથી ગ્રાહકનાં મોબાઈલમાં કોઈ પણ જાતનું ડેમેજ કે નુકશાન થશે તો તેના માટે બેંક જવાબદાર રહેશે નહી.
- ગ્રાહકે ખાતરી કરી લેવાની રહેશે કે બેંકની મોબાઈલ એપ તેમનાં મોબાઈલ ફોન માં કોમ્પીટીબલ છે કે નહી.
- તમારે જે ખાતા માંથી IMPS/NEFT કરવાનું હોય તે કરતા પહેલા તમારે MMID નાં ઓપ્શનમાં જઈને Generate MMID નાં ઓપ્શનમાં જઈને જે ખાતામાંથી વ્યવહાર કરવાનાં હોય તે ખાતાનો MMID જનરેટ કરવાનો રહેશે (આ પ્રોસેસ વનટાઈમ પ્રોસેસ છે.) MMID ખાતા વાઈઝ અલગ અલગ જનરેટ કરવાનો રહેશે. જો MMID ની વન ટાઈમ પ્રોસેસ કરેલ નહી હોય તો ટ્રાંજેકશન થશે નહી અને તે ટ્રાંજેકશનમાં એરર બતાવશે.
- તમારે જે વ્યકિતને રૂપિયા મોકલવાનાં હોય તે વ્યકિતનાં બેંક ખાતાની વિગત તમારે Beneficiary માં જઈને તેમાં તે વ્યકિતની વિગત પ્રથમ વખત તેમાં નાંખવી પડશે. જે વ્યકિતને રૂપિયા મોકલવાનાં છે તે વ્યકિતનું ખાતું જો સર્વોદય બેંકમાંજ હોય તો તે વ્યકિતની વિગત બેનીફીશયરીમાં Within Bank માં જઈને નાંખવી અને જો તે વ્યકિતનું ખાતું અન્ય બેંકમાં હોય તો તે વ્યકિતની વિગત NEFT/RTGS/IMPS ઓપ્શનમાં જઈને નાંખવી.
- બેનીફીશયરી ની વિગત નાંખતા તે વિગત સાચી છે કે ખોટી તેની ચોકસાઈ કરી લેવી કારણકે બેંક તે વિગતની ખરાઈ કરતી નથી. જો વિગત ખોટી હશેતો ખોટા ખાતામાં રકમ જમા થઈ જવાની શકયતા રહેલી છે તો તેના માટે બેંક જવાબદાર રહેશે નહી. મોબાઈલ બેંકીંગથી કરેલા વ્યવહારો કેન્સલ કે સ્ટોપ થઈ શકતા નથી.
- તમારે કોઈપણ વ્યકિતને રકમ મોકલવા માટે Fund Transfer નાં ઓપ્શનમાં જાવનું રહેશે. હવે જો કસ્ટમરે તેના એક ખાતામાંથી તેનાં ને તેનાજ બીજા ખાતામાં રકમ ટ્રાંન્સફર કરવા હોય તો Own A/c Fund Transaction ઓપ્શનમાં જવું. હવે જો ગ્રાહકે તેનાં ખાતામાંથી સર્વોદય બેંકનાંજ અન્ય કોઈ વ્યકિતનાં ખાતામાં રકમ ટ્રાંન્સફર કરવી હોય તો Inerbank Fund Transaction ઓપ્શનમાં જવું. જો ગ્રાહકે અન્ય બેંકમાં કોઈ વ્યકિતનાં ખાતામાં રકમ ટ્રાન્સફર કરવી હોય તો IMPS P2A 24X7 ઓપશનમાં જવું. અગર જો કોઈ ગ્રાહકને NEFT થી રકમ ટ્રાંન્સફર કરવી હોય તો Using NEFT ઓપ્શનમાં જઈને રકમ ટ્રાંન્સફર કરી શકે છે.
- તમારા મોબાઈલમાં કયારેય લોગીન પાસવર્ડ સેવ કરવો નહી અન્યથા તમારો મોબાઈલ ખોવાઈજશે અને અન્ય વ્યકિતનાં હાથમાં આવશેતો જો મોબાઈલમાં પાસવર્ડ ઓટો સેવ કરેલો હશેતો તમારા ખાતાનો દુર ઉપયોગ થઈ શકે છે અને તમને નાણાંકીય નુકશાન થઈ શકે છે.
- જો તમારો મોબાઈલ ખોવાઈ જાય તો તાત્કાલીક બેંકમાં જાણ કરવી અને તમારી મોબાઈલ બેંકીંગ સેવાઓ બંધ કરાવી દેવી જેથી જે વ્યકિતનાં હાથમાં તમારો મોબાઈલ આવ્યો હોય તે મોબાઈલ બેંકીંગ નો દુર ઉપયોગ ના કરી શકે.
- તમારો મોબાઈલમાં મોઈબાઈલ બેંકીંગ સેવાઓ કાર્યરત હોવાથી તેનો દુરઉપયોગ ના થાય તે હેતુથી તમારો મોબાઈલ અન્ય વ્યકિતને વાપરવા આપવો નહી.
- તમારો મોબાઈલ બેંકીંગનો લોગીન આઈ.ડી., લોગીન પાસવર્ડ જેવી સેન્સેટીવ માહીતી મોબાઈલ માં કોઈ પણ પ્રકારે સેવ કરવી નહી.
- તમારા મોબાઈલ બેંકીંગનો લોગીન પાસવર્ડ નિયમીત અંતેરે બદલતા રહેવુ સુરક્ષાની દષ્ટીએ હીતાવહ છે.
- તમારા મોબાઈલ બેંકીંગના યુઝર આઈ.ડી., પાસવર્ડ કે ઓ.ટી.પી. માટેની માહીતી માંગતો કોઈ પણ ફોન તમારા ઉપર આવે તો આવી કોઈ માહીતી આપવી નહી. સર્વોદય બેંક કે તેની સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી કયારેય આવી માહીતી માંગતા ફોન કરતી નથી. જો આવી માહીતી તમે કોઈને પણ આપશો તો તમારા ખાતામાંથી રકમ ઉપડી જવાની તથા છેતરપીંડી થવાની શકયાતા રહેલી છે.
- તમારા ખાતામાંથી રકમની ટ્રાન્સફર કોઈ અન અધિકૃત કાર્ય માટે કરવી નહી તથા સરકારે ગેરમાન્ય ઠેરવેલ કોઈ પણ ધંધા કે સંસ્થામાં આપના ખાતામાંથી નાણાની ટ્રાંન્સફર કરવી નહી જો તે કરશો તો તે કાનુની ગુનો બને છે.
- તમારા ખાતામાંથી રકમ ટ્રાંન્સફર બેંક નકકી કરવામાં આવેલ ઉચ્ચતમ મર્યાદમાં રહીને કરવી અન્યા તમારુ ટ્રાંજેકશન કેન્સલ થઈ જશે. હાલમાં બેંક દ્વારા IMPS/NEFT માં વધુમાં વધુ પ્રતિ ટ્રાંજેકશન અને પ્રતિ દિન રૂા. ૫૦,૦૦૦/– ની નકકી કરવામાં આવેલ છે જે વખતો વખત ફેરફારને આધીન છે.
- તમારા મોબાઈલમાં ટ્રાંજેકશનથી આપને કોઈ પણ જાતનું નાણાંકીય નુકશાન જશે તો તેના માટે બેંક જવાબદાર રહેશે નહી.
- મોબાઈલ બેંકીંગના તમામ નીયમો તથા ભવિષ્યમાં જે પણ નીયમો બને કે ફેરફાર થશે તે તમામ ગ્રાહકોને બાધ્ય તથા માન્ય રહેશે.